# VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI

(Academic Session: 2026-27)

**Date: ________ Class: 6 Div: A/B/C/D Roll No: ____ Sub: 3L. Gujarati**

**Name: ______________________________ Worksheet: unseen passage**

- ## ફકરો (પેરેગ્રાફ) વાંચી તેમાંથી પ્રશ્નોના ઉત્તર શોધીને લખો:

પ્રાચીન સમયની વાત છે. એક ખૂબ ગીચ જંગલ હતું. તેમાં ઘણાં પશુપક્ષીઓ રહેતાં હતાં. એ જંગલની વચ્ચે ઘાસનું એક મેદાન હતું. તેમાં સાબરનું એક ટોળું રહેતું હતું. એક વખત એક સાબર તે ટોળામાંથી વિખૂટું પડી ગયું. માર્ગ શોધતા-શોધતા તે ખૂબ આગળ નીકળી ગયું. હવે તે ખૂબ તરસ્યું થયું હતું. તેણે એક તળાવ જોયુ, તે રાજી થઇ ગયું.

તળાવ કિનારે આવી તે નીચું મોં કરી પાણી પીતું હતું ત્યાં તેની નજર પાણીમાંના પોતાના પ્રતિબિંબ પર પડી. એ પોતાના સુંદર રૂપને ઘડીભર જોઇ રહ્યું. પોતાનો ભરાવદાર સુંદર દેહ અને રૂપાળા શિંગડાં તેને ખૂબ ગમી ગયાં, પણ તેણે પોતાના પાતળા અને લાંબા પગ જોયા ત્યારે તેને ખૂબ અફસોસ થયો અને શરમ આવી. તે મનોમન બોલ્યું, 'અહા, શું મારા શિંગડાં છે, જાણે મારા માથા ઉપર સુંદર મુગટ! આ શિંગડાથી તો હું ખૂબ શોભું છું, આ રૂપાળા શિંગડાં મારી શાન છે, પરંતુ આ લાંબા કદરૂપા પગથી તો હું લજવાઇ જાઉં છું.'

- ગદ્ય વાંચી તેમાંથી ઉત્તર શોધીને લખો:

i. ગીચ જંગલમાં કોણ રહેતું હતું?

જવાબ- ______________________________

ii. જંગલની વચ્ચે શાનું મેદાન હતું?

જવાબ- ______________________________

iii. સાબરની નજર ક્યાં પડી?

જવાબ- ______________________________

iv. સાબરને કેમ અફસોસ થયો અને શરમ આવી?

જવાબ- ______________________________

v. સાબરની શાન શું છે?

જવાબ- ______________________________

- **ફકરો (પેરેગ્રાફ) વાંચી તેમાંથી પ્રશ્નોના ઉત્તર શોધીને લખો:**

એક દિવસ દરબારમાં એક વેપારી તેના દાગીના ગીરવે મૂકવા આવ્યો હતો. રાજાએ એ દાગીના લઇને તેને રૂપિયા ઉછીના આપ્યા, બે મહિનાની મુદતે. રાજા આવી જ રીતે દરેકને મદદ કરતો.

બે મહિના પૂરા થતાં એ વેપારી ફરીથી દરબારમાં આવ્યો. વેપારીએ રાજાને રૂપિયા આપીને દાગીના પાછા માગ્યા. રાજાએ તેના સેવકને આ વેપારીના દાગીના લાવવાનું કહ્યું. સેવક દાગીના લઇને આવ્યો અને તેને આપી દીધા. વેપારી ઘરેણાં જોઇને બોલ્યો, 'મહારાજ, આ મારા દાગીના નથી. આ તો નકલી છે.' મહારાજાએ તરત જ સેવકને કહીને વેપારીના દાગીના બદલી આપવાનો આદેશ આપ્યો. વેપારી ખુશ થઇને તેના ઘરે જતો રહ્યું. વેપારીના મનમાં લાલચ જાગી. હવે તો ત્રણ-ત્રણ મહિને આવીને બસ આવું જ કરતો. તેના નકલી દાગીના આપી જાય અને સોનાના દાગીના લઇ જાય. વેપારીના મનમાં તો હવે લાલચ વધવા જ લાગી. ફરીથી વેપારી આ જ રીતે રાજા જોડે પોતાના નકલી દાગીના સામે પૈસા લેવા આવ્યો.

- **ગદ્ય વાંચી તેમાંથી ઉત્તર શોધીને લખો:**

**i.** વેપારી દરબારમાં શું મૂકી ગયો?

**જવાબ-** ______________________________

**ii.** રાજાએ દાગીના લઈને વેપારીને શું આપ્યું?

**જવાબ-** ______________________________

**iii.** કેટલા મહિના પૂરા થતાં વેપારી ફરીથી દરબારમાં આવ્યો?

**જવાબ-** ______________________________

**iv.** વેપારીએ રાજાને રૂપિયા આપીને શું માંગ્યું?

**જવાબ-** ______________________________

**v.** વેપારીના મનમાં શું જાગ્યું?

**જવાબ-** ______________________________